વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું ‘સેવા’નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

Anasooya (Gujarati Fortnightly)

વર્ષ - ૪૨ : અંક - ૧૧-૧૨ ✻ આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ ✻ તંત્રી : નમ્રતા બાલી ✻ પ્રકાશન : મે ૨૨, જૂન ૬, ૨૦૨૪

## સેવા બેંક ૫૦ને પાર !

અર્ધસદીને આરે ઉભેલી મહિલા ‘સેવા બેંક’ ગર્વથી માથું ઊંચું રાખી બુલંદ અવાજે કહે છે કે, શ્રમજીવી, ગરીબ બહેનો પર સૌ વિશ્વાસ કરે છે. દુનિયાની સૌ પ્રથમ મહિલા સેવા બેંક ૧૯૭૪માં બની. તાજેતરમાં શ્રી મહિલા સેવા સહકારી બેંકના ૫૦ વર્ષની ઉજવણી એલિસબ્રીજ, સાકાર-૨ ખાતે ‘સેવા બેંક’ના આંગણે થઈ.




**બહેનોને સંબોધતા વિમેન્સ વર્લ્ડ બેંકના ભૂતપૂર્વ પ્રમુખ નેન્સીબહેન બેરી**

કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે વિમેન્સ વર્લ્ડ બેંકના ચેરમેન નેન્સીબહેન જે ઈલાબહેનના ખાસ સાથી છે તે હાજર રહ્યાં. બેઉએ સાથે ખૂબ કામ કર્યું છે. ૫૦ થી વધુ દેશોમાં સેવા બેંકનો વિચાર વિસ્તાર્યો છે. જયાં વેચનાર, માથોડા કામદાર, કાગળ કામદાર, કડિયા કામદાર, બીડી કામદાર, જૂનાં કપડાં વેચનાર, સિલાઈ કામદાર, લુહારી કામ, રૂની પુળી બનાવનાર, મચ્છી વેચનાર, ઘરકામ મજૂરી, અગરબત્તી બનાવનાર, ભંગારની લારી ચલાવનાર, પતંગ કામદાર, પાપડ બનાવનાર, ભરતગૂંથણ-કરનાર, સોપારી કાપનાર, ખાખરા બનાવનાર, વાંસ કામદાર વગેરે ધંધા સાથે જોડાયેલી બહેનો જે સેવા બેંકની સભ્ય છે, માલિક છે, અને બચત કરી અને સેવા બેંકમાંથી લોન લઇને પોતે પગભર થઇ હોય તેવી સેંકડો બહેનોએ આ ઉજવણીમાં ભાગ લીધો.

સેવા બેંકના બચત મંડળો ચાલે છે. આખા ગુજરાતમાં ૧૩ શાખાઓ ચાલે છે. બેંકસાથી બેનો જોડાયેલા છે અને શેરી સખીઓ પણ કામ કરે છે. સેવા બેંક દ્વારા વીમા યોજનાઓ ચાલે છે. જન્મથી મૃત્યુ સુધી એટલે કે આખા જીવનચક્રમાં જ્યારે પણ પૈસાની જરૂર પડે ત્યારે આપણે કહી શકીએ છીએ કે, આપણે સ્વાવલંબી બન્યા છીએ. આર્થિક સ્વરાજ મેળવ્યું છે. ઈલાબહેન કહેતા કે, 'દૂસરી આઝાદી' મેળવી છે.

તાળીઓના ગડગડાટ સાથે ૫૦ વર્ષની ઉજવણી સંદર્ભે સેવા બેંકના સાથીઓને શુભેચ્છા અને અભિનંદન પાઠવતાં સેવા એકેડમીના ડાયરેક્ટર નમ્રતાબહેન કહે કે, ૫૦ વર્ષ પુરાં કરવા કાંઇ સહેલું નથી હો, ૫૦ વર્ષ બહુ મોટી વાત છે ! એ પણ એક નાણાંકીય સંસ્થા ૫૦ વર્ષ પુરાં કરે, જેમાં શ્રમજીવી બેનોની મહેનત, એમના પરસેવાના પૈસા હોય અને જે હંમેશા આગળ ને આગળ વધી હોય અને જે ડિવિડન્ડ આપતી હોય એવી અનન્ય બેંક માટે ઘણી ખુશી અને આનંદ થાય છે.

સેવા બેંકના સૌ સાથી બહેનોને અભિનંદન પાઠવતા વીમો સેવાના ડાયરેક્ટર મિરાઇબહેને ઈલાબેનને યાદ કરતા બોલ્યાં કે, ઈલાબહેને મને સેવા બેંકનો જ દાખલો આપ્યો હતો અને સેવા બેંકનો સર્વે કરવાનું કામ આપ્યું. એમાંથી બહાર આવ્યું કે, ૫૦૦ બેનોએ લોન લીધી હતી એમાંથી ૨૦ જેટલા બેનો નિયમિત લોન નહોતા ભરતા. મુખ્ય કારણ બિમારી હતું, એ ૨૦ બેનોમાંથી ૧૫ બેનો સુવાવડમાં મૃત્યુ પામ્યા હતા. એ વખતે રંજનબહેન, નીરુબહેન, રેનાનાબહેન, ઈલાબેન બધા સાથે મળીને આરોગ્યનું કામ શરુ કર્યું. સેવા બેંકના દાખલા જોઈને આપણી આરોગ્યની મંડળી બની છે અને સેવા બેંકના સાથથી આજે એ પગભર છે. ''સેવા બેંક પ્રતિક છે, રોલ મોડલ છે, મોટામાં મોટો દાખલો છે અને બધી મંડળીઓ ધીમે ધીમે એ દિશામાં આગળ વધવા માંગે છે.'' સામાજિક સુરક્ષાનું કામ પણ એક રીતે સેવા બેંકથી શરૂ થયું અને બીજી મંડળીઓ પણ સેવા બેંકથી જ પ્રેરણા લઇ રહી છે.

સભ્યોના બે બોલ : કાગળ કામદાર મંજુલાબહેન કહે, ''સૌ પહેલા હું સેવાની સભ્ય બની, ખાતુ ખોલાવી બચત કરતી થઈ, રિકરીંગ ખોલાવ્યું, વીમો લીધો, આજે યાદ નથી એટલી બધી લોન લીધી છે અને ભરી છે અને આ લોન લઇને જ હું આગળ આવી છું. મારા દીકરાને મેં ડૉક્ટર બનાવ્યો, તેની વહુ પણ ડૉક્ટર છે. બધુ સેવા બેંક થકી છે. હાલમાં મારા દીકરાનું દવાખાનું ચાલે છે. એમાં ૨૫ થી ૩૦ લોકોને રોજી આપે છે. એટલે સેવા બેંકે મને અને અમારા જેવી ઘણી બેનોને સાથ-સહકાર આપ્યો છે અને અમારા જીવન ઉજાળ્યા છે. સાચે રસ્તે આગળ આવી છું.''

મારું નામ આસીયાના બાનુ છે હું સિલાઇ કામદાર બેન છું. મારા ઘરે પહેલા બે મશીન હતા. સેવા બેંકમાંથી લોન લઈ મેં મારો ધંધો આગળ વધાર્યો અને આજે ૧૦ વર્ષમાં મેં અને મારા પતિએ સાથે મળીને અમારી સ્કૂલ યુનિફોર્મ અને સ્ટેશનરીની દુકાન સાથે કરી છે. યુનિફોર્મ હું પણ બનાવું છું અને બીજી બેનોને પણ સિલાઇ માટે આપું છું. મેં ગાડી પણ વસાવી છે. આ બધુ સેવા બેંકમાંથી લોન લઈને નિયમિત ભરપાઈ કરી વસાવ્યું છે. મહેનત અને પ્રામાણિકતા એ મને સફળ બનાવી છે.

પાલુબહેન કહે, ''અમે રહ્યા વેચનારા, રોજ ધંધો કરી ખાનારા. અમને તો બધા ધક્કા જ મારે. નીકળો નીકળો બહાર. કોઇ અમને ધંધા માટે પૈસા આપવા તૈયાર નો થાય ત્યારે મજૂર મહાજનમાં મને ઈલાબહેન મળ્યા અને અમને કીધું ''૧૦-૧૦ રૂપિયા સેવા બેંકમાં બચત કરો,'' અમે બચત કરી ધંધો કરતા થયા. સેવા બેંકમાંથી અમને ઇલાબહેને ૫૦૦/- રૂપિયાની લોન આપી. અમારો ધંધો આગળ વધાર્યો અને ઇલાબહેને શીખવ્યું હતું કે ''તમે તો અભણ છો પણ તમારા બાળકોને ભણાવો અને આગળ વધારો'', મેં બાળકોને ભણાવ્યા અને એજ લોન લઇ મારું ઘરનું ઘર બનાવ્યું. કોઈને ગરીબ બનાવ્યા વગર અમીર બની છું.''

મારું નામ ગંગા. હું શાહપુર દરવાજા બહાર ફળ વેચવાનો ધંધો કરું છું. સેવા બેંકમાંથી પહેલી લોન ૫૦,૦૦૦/- લીધી, બીજી ૧,૦૦,૦૦૦/- અને પછી ૧,૫૦,૦૦૦/- એમ કરતાં મારો ધંધો વધાર્યો. મેં મારી એક લારી ગુરુકૂલ, સ્ટર્લિંગ હોસ્પિટલ પાસે સીઝનેબલ કરી. જેમાં દરેક વસ્તુ જેમ કે રંગોળી, ફટાકડાં, લીલા નાળિયેર, કેરી વગેરે ધંધો ચાલે છે. જે મારો દીકરો ચલાવે છે. આ બધું સેવા બેંકની લોનને આભારી છે. સેવા બેંક્નો પૈસો ગરીબનો પૈસો. ગરીબનો પૈસો ભાગ્યશાળી હોય.

૪૦ વર્ષથી સંગઠક તરીકે જોડાયેલા રીમાબહેન સેવા બેંકના ૫૦ વર્ષની ઉજવણી પ્રસંગે સૌને અભિનંદન પાઠવ્યા અને કહ્યું કે, હવેના સમય પ્રમાણે ગુગલ પે, ફોન પે દરેક બહેનો ફોનમાં શીખે અને તેનો ઉપયોગ કરતી થાય તે સેવા બેંકે જોવાનું રહ્યું. ડિજિટલ સેવાઓ દરેક બહેનો શીખે તે આજની પહેલી પ્રાથમિકતા છે. સમયનો બચાવ અને નાણાંનો બચાવ પણ થાય અને બહેનો ટેક્નોલોજી સાથે જોડાય. સેવા બેંકના શાક વેચનારા સભ્ય પાસે સેવા બેંકનું ATM કાર્ડ હોય પણ શાક લેનારી શેઠાણી પાસે પોતાનું કાર્ડ ન હોય !

સેવા બેંકના ૫૦ વર્ષ પૂર્ણ થયે ગૌરવ અને ખુશીની લાગણી

અનુભવતા શહેર સંગઠનના સંગઠક અને સેવાના મંત્રી મનાલીબેને પણ આ પ્રસંગે હાજરી આપી હતી. ઈલાબહેનને યાદ કરતા જણાવ્યું કે, આજના દિવસે 'બેન' અહીં હોત તો, રાજીના રેડ થઈ જાત. 'સેવા'ના ૫૦ વર્ષની ઉજવણીમાં ઈલાબહેન સ્વદેહે હાજર હતા. એ વખતે આપણે નવું સ્લોગન આપ્યું હતુ, ''હમ સબ એક હૈં...', '૧૦૦ સાલ સાથ રહેંગે હૈ...', '૧૦૦ સાલ હોંકે રહેંગે...'' સેવા બેંકનું હાલનું જે કામ છે અને બેંકના અગણિત સભ્યો છે તેમના જીવનમાં ઘણા બદલાવો આવ્યા છે. બેનોની ગરીબી દૂર થઈ છે. બેનો પગભર થયા છે. આ હવે ૧૦૦ વર્ષ સુધી આગળ લઈ જઈએ એવી જ શુભેચ્છાઓ. સેવાની દરેક બહેનો તરફથી.

આખા ગુજરાતમાં સેવા બેંકની ૧૩ શાખાઓ કાર્યરત છે, આ શાખાઓના કાર્યકરોએ ૫૦માં વર્ષની ઉજવણી પ્રસંગે એક મહિનામાં ૨૪ કરોડની લોનનો ટાર્ગેટ પૂરો કર્યો. તે બદલ સૌને જયશ્રીબહેન, રીમાબહેન અને નેન્સીબહેનના હસ્તે સેવા બેંકના લોગોવાળું સર્ટીફિકેટ આપવામાં આવ્યું. અંતમાં ''અમે પાર કરીશું'' ગીત ગાઈ કાર્યક્રમ પૂર્ણ કર્યો.

- **ગોમતી**

❑

## પ્રવાસી કામદારો... પ્રવાસી જ રહી ગયા !

અમદાવાદ બાંધકામ પ્રવાસી કામદારો મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ તેમ જ ગોધરા દાહોદથી આવે છે. આ કામદારોને અમદાવાદમાં સંગઠિત કરીએ છીએ. પંરતુ, દાહોદથી આવતા બાંધકામ કામદારો માટે તેમના ગામોમાં જઈ અને તેમની પરિસ્થિતિ સમજવા તેમ જ અહીંથી સ્થળાંતર કરતા કામદારો અમદાવાદની જુદી જુદી સાઈટ પર કામ કરે છે તે તેનો કયાસ કાઢવા દાહોદના જુદા જુદા ગામડાઓમાં સંગઠકોની એક ટીમ ગઈ.

આપણી કેટલી કમનસીબી અને લાચારી છે કે લોકોએ પોતાના મૂળીયા છોડી બે ટંકનું પેટ ભરવા અને કુટુંબને ચલાવવા માટે સ્થળાંતર કરવું પડે છે. સ્થળાંતર એ વિકાસ નથી. જો લાચારીથી કરવું પડ્યું હોય. જરૂરી તે છે કે આ કામદારો માટે વન નેશન, વન રેશનકાર્ડ લાગુ કરવું જોઈએ. તેમ જ આ બાંધકામ કામદારોના ઈ-નિર્માણ કાર્ડની પણ પોર્ટેબિલિટી હોવી જોઈએ. તેમનાં નાનાં નાનાં બાળકોને લઈને શહેરમાં સ્થળાંતર કરતા હોય છે. તેમના માટે નિશાળમાં પણ દાખલા નથી મળતા. કારણ કે, તેઓ જે સાઈટ પર રોજગાર મળે ત્યાં સ્થળાંતર કરતા રહે છે.

દાહોદ જિલ્લો ગુજરાતનો આદિવાસી વિસ્તાર છે ત્યાં આજે પણ સુવિધાઓનો અભાવ છે જેવી કે, ગોધરા એસ.ટી. સ્ટેન્ડથી ગરનાળા ગામ ૨૫ કિલો મીટર દૂર છે પણ ત્યાં એકગામથી બીજા ગામ જવા માટે એસ.ટી.ની સુવિધા નથી. પોતાની રીક્ષાઓ ચાલે અને ગામના સરપંચોના છકડા ચાલે અને છકડાની રાહ જોઈ ઉભા રહેવું પડે. વધારાના પૈસા આપવા પડે છે.

અહી ગામડાઓમાં નાની ઉંમરમાં લગ્ન કરે તેથી બાંધકામ બોર્ડની પ્રસુતિ સહાયનો લાભ મેળવી શકતા નથી. આ માટે અમે સરપંચને મળયા તેમને કહ્યું અમારે ત્યાં દીકરી-ધર્મમાં બેસે એટલે તેના લગ્ન કરી નાંખવા પડે. અહી લગ્નમાં છોકરાવાળાઓ છોકરીવાળાને રૂ.૨,૫૦,૦૦૦/- દહેજ રૂપે આપવા પડે. દોઢ કીલો ચાંદી અને પાંચ તોલા સોનુ ચઢાવવું પડે. આ પૈસા અમે અમદાવાદમાં કામ કરવા આવીએ ત્યારે ભેગા કરીએ. માત્ર ૧૦૦૦/- રૂ. જમવાના ખર્ચ કરીએ અને બીજા પૈસા ભેગા કરી 'હોળી'નો તહેવાર આવે એટલે ગામડે આવીએ અને લગ્ન કરીએ.

અહીયા 'ડફેરો' (લુંટ) કરવા આવે એટલે અમે જે દર દાગીના હોય તેને ઘરમાં ઢોર બાંધવાની જગ્યાએ જમીનમાં ખાડો પાડીને દાટી દઈએ તેના પર લીપણ કરી પથરા મૂકી દઈએ. આ ડફેરો ઢોરો પણ ચોરી જાય છે. દિવસના આવે ધ્યાન (ચેક) કરી જાય અને રાત્રે ચોરી જાય એટલે ઢોરોને પણ ઘરમાં રાખે છે. પોલીસમાં 'નાણાવાળા'ઓની મીલીભગત હોય એટલે અમારી કોઈ ફરિયાદ 'ના' લે અને અમને બેસાડી દે. આમ શહેરમાં પોલીસ અમને પહેલા શંકાથી પકડે અને ગામમાં અમને લુંટથી બચાવે નહીં. પ્રવાસી મજૂરોની લાચારી પોલીસને કોણ સમજાવે?

આ શ્રમિકોનાં ગામોમાં તેમના ઘર પણ બહું ઊંચા હોય અને દરવાજા નાનાં હોય. ખેતરમાં જ જાજરૂ જવાનું થાય, ત્યાં એકલ-દોકલ બહાર 'ના' નીકળાય અને ૪ વાગ્યા પછી પાછા ઘરે આવી જવું પડે નહી તો લુંટી લે.

અહીયા દેશી ખાવાનું મીઠું લાગે કારણ કે, ખેતરમાંથી સીધુ જ શાકભાજી, મરચાં, ગવાર, કેરી, ટામેટાં બધુ જ આવે. પથરા પર મસાલો વાટીને મસાલો તૈયાર કરી શાક બનાવે તેથી જમવામાં મીઠાશ આવે.

હાલમાં પણ બહેનો 'સાડી' જ વીંટાળી દે છે એટલે કે, 'કછોરી' વાળે છે. એક બેનને ૩થી ૪ બાળકો હોય તે દાદી સાથે ગામડામાં રહે અને એ લોકો શહેરમાં કમાવવા આવે. બાળકો ઘરે જન્મે એટલે બાળકોના જન્મના દાખલા 'ના' હોય, ચુંટણીકાર્ડ,

રેશનકાર્ડ, આધારકાર્ડ, બેંકખાતુ પણ નથી હોતું. ગામની બહેનોએ કહ્યું, બેન તમે અમારા માટે એસ.ટી. બસ ચાલુ કરાવો ને. અમારા દાખલા કાઢવાનું કામ કરો ને.

બિલ્ડિંગ અને અધર કન્સ્ટ્રકશન વેલફેર બોર્ડમાં કરોડોનું વણ વપરાયેલું ફંડ આ કામદારોની સામાજિક સુરક્ષા માટે છે. સામાજિક સુરક્ષા કામદારોનો મૂળભૂત અધિકાર છે. તેમના સુધી સામાજિક સુરક્ષા પહોંચે તે માટે સરકારે યોગ્ય પગલાં લેવા જ રહ્યાં તે માટે સેવા વિનંતી કરે છે અને રચનાત્મક રીતે માંગણી કરતી રહેશે. પ્રવાસી કામદારને નિવાસી બનાવવો શું જ.

**- શ્રમસેવા ટીમ**

❑

## અમારા હકને અમારો અવાજ

**સેવા દિલ્હીની સભ્ય બહેનોના ધરણા**

આ ફેબ્રુઆરી મહિનાની ૧૬ અને ૨૨ તારીખે સેવા દિલ્લી યુનિયનની સાથે સાથે અન્ય યુનિયન તેમ જ અસંગઠિત ક્ષેત્રના પાંચ ટ્રેડ યુનિયન – જેમાં ઘરખાતા કામદાર, બાંધકામ મજૂર કામદાર, વેચનારા બહેનોના કામદાર, ઘરખાતા સાફ સફાઇ કામદાર વગેરે છે. બહેનોએ પોતાના કામમાં પડતી તકલીફોની રજૂઆતો લખીને આપી. બધાંને ખબર હતી કે, ૧૬ અને ૨૨ ફેબ્રુઆરીએ આપણે પોતાના તમામ કામોને બાજુ પર મૂકીને પોતાના અધિકારો માટે સિવિલ લાઇનમાં ડી.એલ.સી. કમિશનરની ઓફિસ સુધી રેલી કાઢવાની છે અને કામ સાથે જોડાયેલી માંગોને સરકાર સુધી લઇ જવાની છે.

કહેવાય છે ને કોઈ બાળક રોઈને દૂધ ન માંગે ત્યાં સુધી માને નથી લાગતું કે, મારૂ બાળક ભૂખ્યું છે. તેવી જ રીતે કામદાર બહેનો પણ પોતાની માંગને સરકાર સામે રજૂ ના કરે ત્યાં સુધી સરકારને પણ કામદાર બહેનોની તકલીફોની જાણ થતી નથી. ધરણા, રેલી કાઢીને સરકાર સુધી પોતાની માંગને પહોંચાડવી પડે છે. આ વાતને ધ્યાનમાં રાખીને સેવા દિલ્લી યુનિયન અને દિલ્લીના અન્ય યુનિયનો દ્વારા રેલી તેમ જ ધરણાનું આયોજન કરવામાં આવ્યું.

૧૬ તારીખે રેલીનું આયોજન કરવામાં આવ્યું. આ રેલીમાં સેવા દિલ્લી યુનિયનથી સુમનબહેન, લત્તાબહેન, સુભદ્રાબહેન, અંશુબહેન, લક્ષ્મીબહેન, યુનિયનનાં સુપરવાઇઝર, સેવા શક્તિ કેન્દ્રના તમામ સેન્ટર ઇન્ચાર્જ, ટીમ મોબાઇલજર, આગેવાન બહેનો અને લગભગ ૩૦૦ થી ૩૫૦ બહેનોએ ભાગ લીધો. સેવા ભારતથી ચરણિકાબહેન, સેલોરિનાબહેન અને નેહાબહેન ધરણામાં જોડાયાં.

આ રેલી સવારે ૧૧ વાગે સિવિલ લાઇન, મેટ્રો સ્ટેશનથી શરૂ થઇ અને ૧૧.૩૦ વાગે ડી.એલ.સી. કમિશનરની ઓફિસ સુધી પહોંચી. રેલીમાં જોડાયેલી તમામ બહેનોના હાથમાં બોર્ડ દેખાયા, જેમાં તેમણે પોતાનાં કામ, અધિકારો અને પોતાની માંગો વિશે લખ્યું હતું, જેમ કે :

સેવા સંગઠન ઝિંદાબાદ, હમ સબ એક હૈ, ચાંલ્લા – નંગ લગાડીએ છીએ, ઘરેથી પૈસા રળીએ છીએ, અમે મજદૂર દેશની શાન, અમે પણ ઘર – મકાન બનાવીએ, કચરા નિકાલની વ્યવસ્થા ને નકારીશું તો મુસીબતોને વધારીશું, વેચનાર કામદારોના અધિકારોને ઓળખો, બધાં ઘરખાતા કામદાર બહેનોની નોંધણી થવી જોઇએ, ઘરખાતા કામદારોને પણ મીનીમમ વેતન મળવું જોઇએ, અને ઘરખાતા કામદાર બહેનોની રાષ્ટ્રીય સ્તરે ઓળખ હોવી જોઇએ.

આ રેલી તરફથી અસંગઠિત ક્ષેત્રની કામદાર બહેનોએ સરકાર સમક્ષ મૂકેલી માંગો નીચે મુજબ છે.

ચાર લેબલ કોડ રદ કરવામાં આવે, દેશમાં મિનિમમ વેતન ૨૬૦૦૦/- રૂ. હોવું જોઇએ, પેન્શનની રકમ ૧૦૦૦૦/-રૂ. હોવી જોઇએ, કાર્યસ્થળે સુરક્ષા તેમ જ સારવારની સુવિધા નિઃશુલ્ક હોવી જોઇએ, પી.એફ.ની સુવિધા મળવી જોઇએ, વૃદ્ધ પેન્શન સહાય યોજના લાગુ કરવી જોઇએ, અને તમામ ૩૨ લાખ ઇ-શ્રમ કાર્ડ ધારકો માટે શ્રમ કલ્યાણ બોર્ડની રચના કરી કામદારોની ઓળખ હોવી જોઇએ. આ ઉપરાંત નીચેની માંગો મુકવામાં આવી.

તમામ પ્રકારની સામાજિક સુરક્ષા મળવી જોઇએ, સરકારી નોકરીઓની ખાલી પડેલી જગ્યાઓ પર નિમણૂંક થવી જોઇએ, ઠેકેદારો દ્વારા કામે કરતાં તમામ મજૂરો – કર્મચારીઓને નિયમિત કરવા જોઇએ, અને સમાન કામ અને સમાન વેતન લાગુ કરવો જોઇએ.

પોતાની તમામ માંગોને એક મોટા બેનર પર છાપીને બધાં બહેનોએ ડી.એલ.સી.ની ઓફિસની સામે ધરણા કરીને બેસીને પોતાની માંગોને જોર-શોરથી સૂત્રો પોકરવા લાગ્યા. બીજાં યુનિયનનાં બહેનોએ તેમનો સાથ આપતાં પોતાના વિચારો વ્યક્ત કર્યા. જેમાં દેશમાં વધતી જતી મોંઘવારી, ખેડૂત આંદોલન, સરકાર દ્વારા સામાન્ય નાગરિકોનું વધુ ધ્યાન આપવું જરૂરી છે તે વિશે ચર્ચા કરી. ચિરમઈબેને સેવાની બહેનોને પ્રોત્સાહિત કરવા સુંદર ગીત ગાયું અને અન્ય બહેનોએ તેમાં સાથ આપ્યો.

ત્યાર બાદ બહેનોની માંગોને અક પેપર પર લખીને લતાબેન, સરિતાબેન તથા ભાસ્કર ભાઇ ડી.એલ.સી.ની

ઓફિસમાં ગયા અને ત્યાં કેબિનેટ પ્રતિનિધિઓ સાથે ચર્ચા કરી. વાતચીત દરમિયાન બહેનોની અમુક શરતો માની લેવામાં આવી. જેવી કે, (૧) નિર્માણ બાંધકામ કામદારોના જેટલાં બાળકોનાં નામ લેબર કાર્ડમાં નોંધાયેલા છે તે તમામ બાળકોને શાળામાં સ્કોલરશીપ આપવામાં આવશે. જે ભાઈ બહેનોના બાળકોને લગ્ન સમયે, સર્ગભા બહેનોને સુવાવડ દરમિયાન જે ક્લેમ અટકી ગયા હોય તે પાસ કરાવવામાં આવશે અને આ વ્યવસ્થાને ફરીથી શરૂ કરવામાં આવશે. (૨) ઘરેલુ કામદાર બહેનો માટે બે થી ત્રણ મહિનામાં વેલફેર બોર્ડ શરૂ કરવામાં આવશે. (૩) મીનિમમ વેતન, કાર્યસ્થળના જેટલા પણ કાયદા બન્યાં છે. તેના પર એસ.ઓ.પી. લાગુ કરવામાં આવશે અને બધા કામ ઝડપથી શરૂ કરવામાં આવશે.

ધરણા દરમિયાન અમે અમુક ઘરખાતા કામદાર બહેનો સાથે વાત કરી. જેમાં ૩૭ વર્ષીય કમલેશબહેને કહ્યું કે, હું ૧૦ વર્ષથી ઘરખાતા કામદાર તરીકે કામ કરૂ છું. હું ચાર ઘરોમાં કચરા-પોતાં અને વાસણ સાફ કરવાનું કામ કરૂ છું. આ કામ માટે હું પોતાના ઘરેથી સવારે સાડા આઠ વાગે નીકળી જઉં છું અને બધાં ઘરોના કામ કરીને બપોરે ૨ વાગ્યા સુધી પોતાના ઘરે પહોચું છું. કામ દરમિયાન મને કેટલાય પ્રકારની તકલીફો પડે છે જેમ કે, મારી માલિક બહેનનો મારા સાથેનો વ્યવહાર ખૂબ જ ખરાબ છે. રાતનો વાસી ખોરાક ગરમ કરીને મને નાસ્તામાં આપે છે. કોઇ પણ રજા આપતી નથી. જરૂર પડે રજા રાખું તો પૈસા કાપી લે છે. કામ પર જવામાં થોડું મોડું થાય તો ખખડાવે છે. કામ પરથી કાઢી મુકવાની ધમકી આપે છે. મારા પતિની તબિયત સારી નથી રહેતી અને મારા બાળકોના ખર્ચા મારે જ કરવાના હોય એટલે મજબૂરીમાં તેમના ઘરોમાં કામ કરવું પડે છે.

આ ધરણામાં જ્યોતિબહેન જહાંગીરપુરાથી આવ્યાં હતાં. બીજાનાં ઘરોમાં સાફ-સફાઈ કરવાનું અને કચરા પોતા કરવાનું કામ ૧૨ વર્ષથી કરે છે. તેમણે કહ્યું કે, મારી સાથે પણ વર્તન ખરાબ જ હોય છે. રજા તો નથી આપતાં, કામ પણ વધારે કરાવે છે. મારી સાથે અછૂત જેવો વ્યવહાર કરવામાં આવે છે. જરૂર પડે તો શૌચાલયનો પણ ઉપયોગ કરવા દેતા નથી.

પહેલા જ્યોતિબહેનને તેમનાં અધિકારો વિશે જાણ નહોતી. સેવા સાથે જોડાઇ ત્યારથી તેમને ઘરખાતા કામદારના અધિકારોની સમજ મળી. પોતાના અધિકારો મળે તે માટે રેલીમાં જોડાયાં. તેમણે જણાવ્યું કે, જો સરકાર દ્વારા તેમની માંગો પૂરી કરવામાં આવશે તો તે પોતાના માલિક સામે પોતાના અધિકારોની રજૂઆત નીડર બનીને કરી શકશે.

ન્યુ અશોક નગરની સાધનાબેને જણાવ્યું કે, તે છેલ્લાં ૨૦ વર્ષોથી ઘરખાતા કામદારનું કામ કરે છે. આજ સુધી કોઈ અધિકાર મળ્યાં નથી જે અમને મળવાં જોઈએ. આ ઘરખાતા કામદારની માંગો આ પ્રમાણે છે. (૧) મિનિમમ વેતન, (૨) કામના સ્થળે સુરક્ષા, (૩) મહિનામાં ચાર રજા, અને (૪) મકાનની સુવિધા.

પોતાની આ માંગોને લઇને કામદાર બહેનો સરકાર પાસે આશા લગાવીને બેઠી છે. આ બહેનોની આંખોમાં એક જ સવાલ હતો કે ક્યારે તેમની માંગોને સાંભળવામાં આવશે, સમજવામાં આવશે અને પૂરી કરવામાં આવશે. જેનાથી તે રાહતનો શ્વાસ લઇ શકે.

રેલીમાં બહેનોની અમુક શરતો માની લેવામાં આવી તો બહેનોને વિશ્વાસ થયો કે રેલીમાં જોડાવાનો ફાયદો તો થયો અમુક શરતો તો સરકારે માની. લગભગ ૨ વાગે ધરણા પૂરા થયા.

**- નેહા**

❑

# કાશ્મીર પાણીમાં ગરકાવ

કાશ્મીર ખીણ છે તે હિમાલય પ્રદેશમાં સૌથી વધુ પૂરના જોખમોમાંની એક છે. પૂરની પરિસ્થિતિમાં નદીકિનારાના ગામોના ઘરોમાં પાણી ભરાઈ જાય, મકાનો ડૂબી જાય, ખેતીમાં, બગીચાઓમાં અતિશય નુક્શાન પહોંચાડે છે આની અર્થતંત્ર પર ઊંડી અસર પડે છે. તેવું કહેવાય છે આ ખીણમાં ૨૦૧૪, ૨૦૧૭માં પૂર આવેલું તેની કળ વળીયે નથી અને વળી હવે ૨૦૨૪માં પૂર આવ્યું.

પૂરને કારણે કુપવાડા જિલ્લામાં કેટલાક મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નુક્સાન પહોંચ્યું છે, જેમાં શુમરિયાલ બ્રિજ, ખુમર્યાલ બ્રિજ, શતમુકામ બ્રિજ, સોહિપોરા-હયહામા બ્રિજ, ફરક્યાન બ્રિજ, કુપવાડામાં ગ્રામીણ વિકાસ વિભાગની બે ઈમારતો અને પોરુનાલાહના કિનારે આવેલી મદદનીશ નિયામક હસ્તકલા ઓફિસ બિલ્ડિંગનો સમાવેશ થાય છે.

પૂરથી અસરગ્રસ્ત વિસ્તારો :

(૧) સેવાના સભ્ય બહેનોના સફરજનના બગીચાને નુકસાન થયું છે.

(૨) સપાટીના વહેણ અને ઊંચા પાણીના સ્તરને કારણે સભ્યોના ડાંગરના ખેતરોને વ્યાપક નુકસાન થયુ છે.

# શ્રી મહિલા સેવા સહકારી બેંક લિ.

૧૦૯, સાકાર-૨, ટાઉન હોલ સામે,
એલીસબ્રીજ, અમદાવાદ-૬.

## ૫૦મી વાર્ષિક સાધારણ સભાની નોટીસ

આથી બેંકના તમામ સભાસદોને જણાવવામાં આવે છે કે બેંકની ૫૦મી વાર્ષિક સાધારણ સભા તા. ૨૦-૭-૨૦૨૪, શનિવારના રોજ સવારે ૧૧ કલાકે, ૧૦૯, સાકાર-૨, ટાઉન હોલની સામે, એલિસબ્રીજ, અમદાવાદ-૬ મુકામે મળશે. જેમાં સમયસર હાજર રહેવા વિનંતી છે.

તા. ૦૩-૦૭-૨૦૨૪
અમદાવાદ.

CA જયશ્રી વ્યાસ
મેનેજીંગ ડિરેકટર
બોર્ડ ઓફ ડિરેકટર્સની સૂચનાથી.

(૩) બહેનોના ઘર પાસે રહેલાં નદીઓ અને નાળાઓની નજીકના વિસ્તારોમાં ભૂસ્ખલન થયું છે.

(૪) લાઈટના થાંભલાઓને નુકસાન થયું છે, જેના કારણે વીજ પુરવઠો ખોરવાઈ ગયો છે.

(૫) નદીઓના પીવાના પાણીના સ્ત્રોત કાદવ અને કાટમાળથી દૂષિત છે, જેના કારણે સેવા કામ કરે છે તે ગામોમાં પીવાના સલામત પાણીની અછત ઊભી થાય છે.

(૬) બહેનોના મોસમી શાકભાજી આપતા કિચન ગાર્ડનને નોંધપાત્ર નુકશાન થયું છે.

(૭) તૂટી ગયેલા પુલ અને ભૂસ્ખલનને કારણે રોડ કનેક્ટિવિટી તૂટી ગઈ છે, બહેનોને આવવા જવાની તકલીફ પડે છે.

'સેવા'ના સભ્યોને પૂરના કારણે બહુ જ નુકશાન થયું છે. તેમના ઘરોમાં પાણી ભરાઈ ગયા, કિચન ગાર્ડનમાં ઉગાડેલા શાકભાજીમાં ૧૦૦% નુકશાન થયુ. પશુઓમાં ગાય, ઘેટાં-બકરા અને મરઘીને બીમારી લાગવાનો ખતરો છે. સફરજનના બગીચામાં પાણી ભરાઈ ગયા છે, તો કોઈ કોઈ ઝાડ પડી ગયા તો કોઇ પાણીમાં તણાઈ ગયા છે. ખેતીમાં ડાંગર વાવેલી તે પાણીમાં તણાઈ ગઈ. હવે ફરીવાર ખાતર અને બિયારણ નાખવું પડશે. તેનો ખર્ચો વધી ગયો. નદી અને નાળાઓની નજીકના વિસ્તારોમાં ભૂસ્ખલન થયું છે. લાઈટના થાંભલા પડી ગયા હોવાથી વીજ પુરવઠો ખોરવાઈ ગયો છે. પીવાના પાણીના સ્ત્રોત હતા તે પણ તૂટી ગયા છે તેના કારણે કાદવ-કીચડ કાટમાળથી દુષિત પાણી આવે છે, તેના કારણે પીવાના પાણીની બહુ હાલાકી ભોગવવી પડે છે. પુલ તૂટી ગયા તેના કારણે સંપર્ક તૂટી ગયો છે.

આવી કપરી પરિસ્થિતિમાં સેવાના આગેવાનોએ કમર કસીને અસરગ્રસ્ત સભ્યોને સરકારી સહાય પૂરી પાડવાના સરકારી સંકલનનો કર્યા તેમ જ આ આફતમાંથી સપોર્ટ મળે તે માટેના સભ્યોને વોઈસ મેસેજ મોકલ્યાં. તેમ જ સભ્યોને તેમને પડતી તકલીફો માટે પણ સેવાના આગેવાનને સંદેશા મોકલાવ્યા. જેનું સંકલન કરીને તે હલ કરવાનું કામ કર્યું.

આ કટોકટી દરમિયાન તેમની સલામતી અને સુખાકારી સુનિશ્ચિત કરવા બહેનો આગેવાની લે છે.

**બહેનોના અનુભવો**

(૧) શમીમાબેન કહે છે, ''યે સેહલાબ મેરે ઔર મેરે ઔર મેરે ઘરવાલો કે લિયે એક ખોફનાક તજુરબા થા ક્યૂંકી હમ નદી કે પાસ રહેતે હૈં ઔર પાની ને હમારી સડક, હમારે પુલ સબ લે લિયા. હમ બસ દેખ રહે થે ગ્લેશિયર (બરફની ખીણ) પીગલ રહા થા. હમારે ઘર પે આ રહા થા. બારિશ ૨ દિન કે બાદ રુકી તો તબસે હમ ઠીક રહે.''

(૨) ટેકીપોરા, સોગામથી ઇન્શાબેન કહે, ''હમ કુપવારા (કાશમીરનો એક જિલ્લો) કે બહોત દૂર ઇલાકે મે રહેતે હૈ, હમારે પાસ કુછ અખરોટ કે પેડ હૈ ઔર એક કિચન ગાર્ડન હૈ, ઇસ સબ મે પાની ભર ગયા ઔર હમેં બહોત નુકશાન હુઆ. હમારે કબ્રસ્તાન મૈ બી પાની ભર ગયા, જો મુઝે સબસે ખતરનાક લગા.''

(૩) આરજુબહેન કહે છે, ''મૈ ખુદ તો અભી છોટી હું, અભી મેં સિલાઈ કી ટ્રેનિંગ લે રહી હું. મેરે ઘર પર ભી કિચન ગાર્ડન હે. મે સભી સબઝિયા લગાતી હું, બારિશ જયાદા હોને કી વજેહ સે યે સબ ખરાબ હો ગયા. હમારે કિચન ગાર્ડન મેં ભી પાની ભર ગયા. વો પાની નીકાલનેકે લિએ ૨૦૦૦ રૂ. દેકે કિરાયે પે મોટર લાયા થા. ઇસસે અમારી સબિજયા બચ જાયે. જયાદા પાની કી વજહ સે જલ ના જાયે. મેરી મા ભી સબઝિયા બેચ કે અપને લિયે પૈસા કમાતી થી મગર ઇસ બારિશ ને સબ તેહેશ નહેશ કર દિયા.''

(૪) એલ.ઓ.સી.(ભારતની સરહદ) પાસેના ગામની શીરીનાબેન કહે છે, ''સેહલાબ સે હમારે યહાં બાગ, વારિયાં (રસોડાના બગીચા), ઘર, સડક, હમારે બંધ વગેરે ભી પૂરે સેહલાબ કે સાથ ચલે ગયે. ૨૦૦૫ કે ભૂચાલ કી વજહ સે યહી હાલ હુઆ થા મગર ઇસ બાર પાની ને બહોત ડરા દિયા.''

(૫) આરીફાબેન કહે છે, ખેતીની જમીન મેં પાની બે રહા હા, ડાંગર બીજ જો બોયે થે યા બીજ બોને કે લિયે જમીન જો તૈયાર કી થી દોનો બાજુ સે નુકસાન હુવા હા. અબ દૂસરા મામલા યે થા કી પાની ઉતરને કે બાદ જમીન મેં કિતના રેતી, પથરા, કાંકરા ઔર માટી જમા હુવે હા વો અબી દેખના બાકી હે. કિચન ગાર્ડન ઔર સબઝી ઓર ધાન લગાયા થા. વો ભી નષ્ટ હો ગયા. અબ કઇ સે ઉધારી લે કે બીજ ફિર સે ખરીદેગે. વેપારી પાસેથી સામાન લાના પડેગા. જો બોયા થા વો બેહ ગયા. ફિર સે બીજ લાકે લગાને કામ કામ કરના પડેગા. જો બડા નુકસાન હૈ હમારે લિએ.

**- મુમતાજ**

❑

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2024

Ahmedabad P.S.O.
22-5, 6-6-24

**અનસૂયા**

- ૪૨માં વર્ષમાં પ્રવેશી ચૂકેલું પાક્ષિક 'અનસૂયા'
- થોકબંધ પ્રકટતા વૃત્તપત્રો વચ્ચે મહિલાઓની શ્રમશક્તિનું સુકાન બની અવિચળ સ્થાન મેળવી ચૂક્યું છે.
- શ્રમજીવી મહિલાઓ સાથે સમગ્ર મહિલા વિશ્વને એક તાંતણે બાંધવા સદાય તત્પરતા દાખવતો 'અનસૂયા'નો વાચકવર્ગ સર્વવર્ગીય છે.
- 'સેવા' અમદાવાદથી વિસ્તરીને ગુજરાત, ભારત અને આંતરરાષ્ટ્રીય વિકાસ સાધે છે ત્યારે તેના મુખપત્ર 'અનસૂયા'ના ફલકનો વ્યાપ વધ્યો છે.
- વિસ્તૃત વાચકવર્ગ સુધી 'અનસૂયા' પહોંચાડવાના આદરેલા અભિયાનમાં જોડાવા વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- અને આજીવન લવાજમ રૂા. ૭૦૦/-નો સૌનો સાથ અગત્યનો ગણાશે.

**દર મહિને છઠ્ઠી અને બાવીસમી તારીખે**
**'અનસૂયા' પ્રકટ થાય છે.**

**Place to Send Subscription :**

**Shree Mahila SEWA Anasooya Trust**

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, iasew1905@gmail.com

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** 22-5, 6-6-24

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001